# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૪/ક્વા-03/૨૦૨૦-૨૧/૯૬ તા.૦૬.03.૨૦૨૧

૨૦૦3ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૫૪/ક્વા-03/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી મસરીભાઈ પબાભાઈ રાવલીયા ગામ – વીરમદળ

સબડીવીઝન: વડત્રા

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી ખંભાળીયા

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| 3) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દેવભૂમિ દ્વારકા

તારીખ: મંગળવાર (૦૯.૦૨.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૯.૦૨.૨૦૨૧ (મંગળવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, એમોએ વિરમદળ ગ્રામપંચાયતની હદમાં સરકારી પડતર સર્વે નં. ૬૮૯ માં અમોને મામલતદારશ્રી ખંભાળીયાના હુકમ નં. જમન ૩૩૨૬ તા. ૧૮-૭-૧૯૭૬ મુજબ કુવા માટે ફાળવવામાં આવેલ જમીન એકર ૦-૦૧ ગુ.માં ખેતીવિષયક વિજજોડાણ મેળવવા એસ.આર.નં. ૧૧૫૦૦૪૫૮ તા. ૨૪-૨-૨૦૨૦ થી પીજીવીસીએલ વડત્રા સ.ડી. માં અંદાજપત્રક ભરપાઈ કરેલ છે.

અમારા વિજજોડાણમાં હજુ સુધી પોલ ઉભા થવાની કામગીરી થયેલ નથી. તાજેતરમાં અમોને વડત્રા સ.ડી.ના પત્ર નં. વીએસડી/આર.ઈ/૪૩૬૯ તા.૧૬-૯-૨૦૨૦ થી પિયત અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવા માટે જણાવેલ છે.

એમોએ અરજી સાથે જરૂરી ૭/૧૨, ૮-અ, ૬ નંબર અને ૧૬ નંબર જમા કરાવેલ છે. આ ઉપરાંત અમોને ફાળવવામાં આવેલ સરકારી ખરાબાની જમીનની સનદ ની નકલ પણ અરજી સાથે તેમજ બીજી વાર અંદાજપત્રક ભરતા પહેલાં જમા કરાવેલ છે.

અમો સને ૧૯૭૬ થી ઉપરોક્ત સર્વે નંબરનો કબ્જો અને ભોગવટો કરીયે છીયે તેમજ નવી વિજજોડાણની માંગણીવાળા કુવાવાળી જગ્યાની સનદ સાથે અમારી પાસે છે.તેમજ રેવન્યુ રેકર્ડમાં ૬ નંબરની નોંધ નં.૨૪૫૩ તા. ૩૦-૫-૨૦૧૬ થી નોંધાયેલ હોય અમારે વિજજોડાણ માટે અન્ય કોઈ પ્રમાણપત્રની જરૂરીયાત રહેતી નથી. આમ છતાં બિનજરૂરી કાગળો માંગીને અમારૂ વિજજોડાણ અટકાવવામાં આવેલ છે.

આ વર્ષે વરસાદ સારો થતાં હાલમાં પિયતની સગવડ હોય અમારી અરજી ધ્યાને લઈ અમારૂ વિજજોડાણ આપવા યોગ્ય હુકમ કરવા આપ સાહેબને નમ્ર વિનંતી. અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર શ્રી મસરી પબા રાવલિયા રે વિરમદળ દ્વારા વિરમદળ મુકામે ખેતીવાડી સર્વે નંબર ૬૮૯ ( ૨૧૩પૈકીર) માં ખેતીવાડી હેતુ ૭.૫ હો.પા.નુ થ્રી ફેઇઝ વિજ જોડાણ માગેલ છે. અરજદાર દ્વારા નોંધણી ચાર્જ રુપીયા ૨૦૦/- રસિદ નં. ૭૬૭૫૦૧ તારીખ ૨૪.૧૨.૨૦૧૮ થી ભરપાઈ કરેલ છે. જેના એસ આર નંબર ૧૧૫૦૦૪૫૮ છે .સદર જોડાણ પેટે અરજદાર દ્વારા અંદાજપત્રક ના નાણાં રૂ..૮૦૫૩/- રસીદ નંબર ૬૬૨૭૮૧/૮૨/૮૩ તારીખ ૨૪.૦૨.૨૦૨૦ થી ભરપાઈ કરેલ છે અને તારીખ ૦૩.૦૩.૨૦૨૦ ના રોજ કરારનામું કરેલ છે.

3.૨ સદર ફાઇલ વિભાગીય કચેરી ને ઓડિટ માટે રજૂ થતાં પત્ર નંબર જેકીડી/રેવ/૨૯૨૫ તારીખ ૩૦.૦૭.૨૦૨૦ થી એવી સ્પષ્ટતા કરવા ફાઇલ પરત કરેલ કે ખેતીવાડી વીજ જોડાણ ક્યાં સર્વે નંબર માં રીલીઝ થવા પાત્ર છે કારણ કે ખેતીવાડી વીજ જોડાણ જે સર્વે નંબર ૬૮૯ ( ૨૧૩પૈકીર) માં એ વન ફોર્મ તથા કોટેશન મુજબ માગેલ છે તે સરકારી ખરાબો છે અને તે સર્વે નંબર પૈકી જમીન માત્ર એકર ૦.૦૧ ગુઠો માલિકી હક્ક હોય પરંતુ તે કૂવા માટે સરકારશ્રી દ્વારા ફાળવેલ છે ખેતીલાયક હેતુ માંટે ફાળવેલ ન હોય સ્પષ્ટતા કરવા જણાવેલ જે બાબતે વડત્રાસબ ડિવિજન ના પત્ર નંબર વીએસડી/ટેક/૪૩૬૯ તારીખ ૧૬.૦૯.૨૦૨૦ થી અરજદાર ને સદર બાબતે દસ્તાવેજી પુરાવા રજૂ કરવાનું જણાવતા નારાજ થઈને અરજદાર દ્વારા ઉક્ત ફરિયાદ કરેલ છે.

3.3 વડતરા પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીથી પત્ર નંબર વીએસડી/ટેક/૬૩૯૪ તારીખ ૨૬.૧૧.૨૦૨૦ થી સદર વીજ જોડાણ વળી જગ્યા ની ખરાઈ માટે માટે દસ્તાવેજ રજૂ કરવાનું જણાવતા અરજદારા દ્વારા તારીખ ૨૮.૦૧.૨૦૨૧ નું બાહેંધરી ખત રજૂ કરેલ છે પરંતુ તેમાં ખોટા સરવે નંબર ના ઉલ્લેખ છે.

સદર ખેતીવાડી જોડાણ ન આપી શકાય તેના  કારણો નીચે મુજબ છે.

- જે સ્થળ  સરવે નંબર ૬૮૯ (૨૧૩પૈકીર) માં વીજ જોડાણ મેળવવા અરજી કરેલ છે તે સરવે નંબર સરકારી ખરાબો  છે.
- સદર સરકારી  ખરાબામાથી સરકાર શ્રી દ્વારા .૦૧ ગુંઠા સનદ સાથે  ફક્ત કૂવા માટે અરજદાર ને ફાળવેલ છે
- સરકાર શ્રી દ્વારા ફાળવેલ  .૦૧ ગુંઠા જમીન બાબતે ખેતીવાડી ઉપયોગ નો ઉલ્લેખ નથી
- અરજદાર દ્વારા સદર કૂવાના પાણી ના પિયત તરીકે ઉપયોગ કરવા  તેમની અન્ય ખેતીવાડી જમીન નો ઉલ્લેખ નથી કે પાઇપલાઇન કે અન્ય મંજૂરી જોડેલ નથી.

૩.૪ સદર કૂવાના પાણી નો ક્યાં ખેતીવાડી જમીન માં  ઉપયોગ કરવો તે સ્પષ્ટ ન  હોય, તેમજ સરવે  નંબર માં સદર કૂવાના પાણી નો  ખેતીવાડી પિયત તરીકે ઉપયોગ કરવાનો હોય તો પાઇપ લાઇન ની મંજૂરી રજૂ કરેલ નથી  તેમજ જે  ખેતીવાડી માં   આ વીજ જોડાણ નો ઉપયોગ કરવા નો હોય ત્યાં અન્ય કોઈ વીજ જોડાણ છે  કે કેમ તે દર્શાવેલ નથી જેથી વીજ જોડાણ આપી શકાય નહીં.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે અરજદારશ્રી ની રજૂઆત મુજબ પીજીવીસીએલ કચેરી દ્વારા ઉપરોક્ત મુદ્દા નં. ૩.૪ મુજબ અરજદાર શ્રી દ્વારા જરૂરી સરકારી ટીડીઓ ની મંજૂરી મેળવ્યા બાદ કંપની ના નિયમ મુજબ કાર્યવાહી કરવા માટે હુકમ કરવામાં આવે છે.

૪.૨ આ મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૩ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
|---|---|---|
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી

રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯